PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૩/કવા–૦૩/૧૭–૧૮/ 174 તા 23-01-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
કરૂડ અબુબકરભાઈ ઈસાભાઈ,
કેશોદ રોડ, દાતાર મંઝીલ
માંગરોલ
જી: જુનાગઢ
મો: ૯૭૨૩૮ ૨૦૫૬૯

વિષય :–ખેત જોડાણ મેળવવા માટે
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૧–૧૧–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૫૩/કવા–૦૩/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી ,પોરબંદર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ,માંગરોલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર પેટા વિભાગીય કચેરી, માંગરોળ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)


પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com


| કેસ નં. : સીજીઆરએફ : ૫૩/કવા–૦૩/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૧૯–૧૨–૧૭ | સ્થળ : જુનાગઢ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: કરૂડ અબુબકરભાઈ ઈસાભાઈ, ગામ: માંગરોલ**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી કરૂડ અબુબકરભાઈ ઈસાભાઈ હાજર રહેલ હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(ર) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : શહેર પેટા વિભાગીય કચેરી, માંગરોળ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ,માંગરોલ)**

**રજુઆત કરનાર :પી.એલ.ગોહિલ – વિભાગીય કચેરી ,માંગરોલ**

## : હુકમ :

**ફરીયાદ : ખેત જોડાણ મેળવવા માટે**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ દ્વારા તા.ર૭–૧૦–૧૪ ના રોજ માંગરોળ શહેર પેટા વિભાગીય કચેરી મા નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી કરવામા આવેલ હતી. જેના આધારે તા.૧૧–૧ર–૧૪ ના રોજ ડ્રીપ ઈરીગેશન સીસ્ટમ તેઓએ વસાવેલ હતી. ત્યારબાદ પીજીવીસીએલ તરફથી તેઓને જે ભાવપત્રક આપવામા આવેલ હતુ – તે પણ તેઓએ તા.૦૧–૦૧–૧૫ ના રોજ ભરપાઈ કરી આપેલ છે. તેમજ તેઓની માંગણી મુજબ નુ ખેતીવાડી વીજજોડાણ આજદિન સુધી મળેલ નથી – અને સબંધક કચેરી દ્વારા જણાવાયેલ છે કે – તેઓની કેઈસ ફાઈલ ગુમ થયેલ છે. આમ, તેઓને પારાવાર નુકશાન જતુ હોય – તાત્કાલીક જોડાણ મેળવવા માટે અને થયેલ ખોટ ની ભરપાઈ કરવા માટે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–ર : પક્ષકાર નં. –(ર) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ર | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ર.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી કરૂડ અબુબકરભાઈ ઈસાભાઈ ની નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની ડાર્કઝોન યોજના હેઠળ ની અરજી તા.ર૭–૧૦–૧૪ અન્વયે અગ્રતાક્રમ મુજબ – સદર અરજદાર ને તા.ર૯–૧ર–૧૪ ના રોજ ભાવપત્રક પાઠવવામા આવેલ હતુ. જે અરજદાર દ્વારા તા.૦૧–૦૧–૧૫ ના રોજ ભરપાઈ કરી આપેલ છે. ત્યારબાદ, સદર ખેતીવાડી વીજજોડાણ માટે જરૂરી વીજલાઈન ની કામગીરી કોન્ટ્રાકટર ને સોપાતા – સ્થળ ઉપર કામ કરતી વખતે – બાજુના ખેડુત શ્રી ગીરીશભાઈ ભીખાભાઈ પરમાર દ્વારા વીજલાઈન ઉભી કરવા અંગે મૌખીક વાંધો લેવામા આવેલ. જે અંગે જરૂરી સમાધાન ન થતા – નાયબ ઈજનેર શહેર પેટા વિભાગીય કચેરી, માંગરોળ દ્વારા વાંધા નુ નિરાકરણ કરવા માટે તા.૧૧–૦૩–૧૫ ના રોજ – શ્રી અધિક્ષક જીલ્લા મેજીસ્ટ્રેટ સમક્ષ દરખાસ્ત મુકવામા આવેલ. હાલ સુધી જરૂરી મંજુરી મળેલ ન હોય – સદર વીજ જોડાણ અંગે ની કાર્યવાહી થયેલ નથી. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.ર હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે , બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| <u>૩.૧</u> | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી મુદ્દા નં. ૨.૧ મુજબ ની વિગતે. જણાવાયેલ કે, અરજદાર શ્રી કરૂડ અબુબકરભાઈ ઈસાભાઈ ની નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની ડાર્કઝોન યોજના હેઠળ ની અરજી તા.૨૭–૧૦–૧૪ અન્વયે અગ્રતાક્રમ મુજબ – સદર અરજદાર ને તા.૨૯-૧૨–૧૪ ના રોજ ભાવપત્રક પાઠવવામા આવેલ હતુ. જે અરજદાર દ્વારા તા.૦૧–૦૧–૧૫ ના રોજ ભરપાઈ કરી આપેલ છે. ત્યારબાદ, સદર ખેતીવાડી વીજજોડાણ માટે જરૂરી વીજલાઈન ની કામગીરી કોન્ટ્રાકટર ને સોપાતા – સ્થળ ઉપર કામ કરતી વખતે – બાજુના ખેડુત શ્રી ગીરીશભાઈ ભીખાભાઈ પરમાર દ્વારા વીજલાઈન ઉભી કરવા અંગે મૌખીક વાંધો લેવામા આવેલ. જે અંગે જરૂરી સમાધાન ન થતા – નાયબ ઈજનેર શહેર પેટા વિભાગીય કચેરી, માંગરોળ દ્વારા વાંધા નુ નિરાકરણ કરવા માટે તા.૧૧–૦૩–૧૫ ના રોજ – શ્રી અધિક્ષક જીલ્લા મેજીસ્ટ્રેટ સમક્ષ દરખાસ્ત મુકવામા આવેલ. હાલ સુધી જરૂરી મંજુરી મળેલ ન હોય – સદર વીજ જોડાણ અંગે ની કાર્યવાહી થયેલ નથી. આ અંગે વધુમા પીજીવીસીએલ દ્વારા અત્યારસુધી કયારેય શ્રી અધિક્ષક જીલ્લા મેજીસ્ટ્રેટ સમક્ષ મુકવામા આવેલ દરખાસ્ત ને ફરીથી કયારેય રજુઆત થયેલ નથી. જે ખુબજ ગંભીર બાબત છે. જેથી, સદર બાબતે તાત્કાલીક સક્ષમ અધિકારીને જરૂરી દરખાસ્ત ની નકલ સાથે – રૂબરૂ તેમજ સ્મૃતિપત્ર પાઠવી – જરૂરી નિરાકરણ વહેલાસર થાય તે બાબતે પીજીવીસીએલ પક્ષકાર ને જણાવવામા આવેલ. |

<u>મુદ્દા નં.–૪ :</u>

<u>હુકમ</u>

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે સદર બાબત શ્રી અધિક્ષક જીલ્લા મેજીસ્ટ્રેટ સમક્ષ પડતર હોય – નામ.જીઈઆરસી ના પ્રવર્તમાન નોટીફીકેશન નં: ૦૨/૨૦૧૧ નાં મુદા નં: ૨.૩૦ (૧) માં કરાયેલ જોગવાઈ મુજબ સદર પ્રકારના – કેઈસ ના નિકાલ ની કામગીરી અત્રે ના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સતા ક્ષેત્ર બહાર હોય , આ બાબતે અત્રે તરફથી વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોવાથી, અત્રે ના ફોરમ તરફથી આપશ્રી તરફથી મળેલ ઉપરોકત સંદર્ભ મુજબની ફરીયાદ અરજી દફતરે કરવામાં આવે છે.જે બાબતે ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

ગેરહાજર
**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.